પ્રોવિઝનલ પેન્શનમાંથી પેન્શન કાપનો અમલ કરવા બાબત.

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**પરિપત્ર ક્રમાંક : હિતિનિ/ટી.સી/ફા.૧૩૪/પેન્શન કાપ/૬૪૦૭**
તારીખ:૧૯–૭–૨૦૦૭.

**:: પરિપત્ર નંબર :૨૩/ ૨૦૦૭**

આ કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે, કેટલાંક જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીઓ ધ્વારા સક્ષમ સત્તાધિકારી ધ્વારા, ખાતાકીય તપાસના અંતે શિક્ષાત્મક કાર્યવાહી તરીકે પેન્શનમાંથી પેન્શન કાપ કરવાના હુકમો કરવામાં આવેલ હોવા છતાં, આખરી પેન્શન મંજૂર થવાની અપેક્ષાએ ચૂકવવામાં આવતાં પ્રોવિઝનલ પેન્શનમાંથી આ પેન્શન કાપ કરવામાં આવતો નથી, જે યોગ્ય નથી. આ અંગે નીચેની બાબતો ધ્યાને લેવાની રહે છે.

- પ્રવર્તમાન નિયમોનુસાર પેન્શન કાપના હુકમનો અમલ હુકમની તારીખથી કરવાનો રહે છે.
- ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ–૧૪૬(૮) અન્વયે કામચલાઉ પેન્શનની રકમની કર્મચારી વિરૂધ્ધની ખાતાકીય તપાસનું નિરાકરણ આવેથી આખરી નિવૃત્તિ લાભો સામે સરભર કરવાની જોગવાઈ છે અને મંજૂર થયેલ આખરી પેન્શનમાંથી પેન્શન ઘટાડો / કાયમી કે નિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવેલ રકમ, કે તેના કારણે ઉપસ્થિત થતી કોઈ વસૂલાત કરવાની થતી નથી, પરંતુ કામચલાઉ પેન્શનમાંથી પેન્શન કાપનો અમલ કરવાનો રહે છે.
- એક કરતાં વધુ ખાતાકીય તપાસમાં લાંબો સમય નિકળી જાય છે અને પેન્શન કાપનો અમલ કરવામાં ન આવે તો છેલ્લી ખાતાકીય તપાસ બાદ એક સાથે તમામ પેન્શન કાપની વસૂલાત નિયમ વિરૂધ્ધની કાર્યવાહી બને.
- ઉકત વિગતો ધ્યાને લેતાં સંબંધકર્તા તમામને સૂચના આપવામાં આવે છે કે, પેન્શન કાપના હુકમનો અમલ હુકમની તારીખથી કરવાનો થાય છે અને તેથી તમામ સંબંધકર્તાએ પ્રોવિઝનલ પેન્શનમાંથી પેન્શન કાપના હુકમનો અમલ કરવો.
- પડતર તમામ કિસ્સાઓમાં પણ આ બાબતનો અમલ કરેલ ન હોય તો સમીક્ષા કરી અમલ કરવો.
- જયારે પણ પેન્શનનું આખરીકરણ કરવામાં આવે ત્યારે પ્રોવિઝનલ પેન્શનની રકમ (Gross – એકંદર) આખરી પેન્શનના ચૂકવણાં સામે સરભર કરવી.

નિયામક. ૨૦/૭/૦૭

પ્રતિ,

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડની કચેરી, 'વીમા અને લેખા ભવન', ગાંધીનગર.
(૨) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (સદર મુકામ), ગાંધીનગર.
(૩) પગાર અને હિસાબ અધિકારીશ્રી, પી.એ.ઓ.કચેરી, અમદાવાદ / ગાંધીનગર.
(૪) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, .................. (તમામ)
(૫) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ................ (તમામ)
(૬) તિજોરી અધિકારીશ્રી(પેન્શન), પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ.
(૭) વડી કચેરીની તમામ શાખાઓ.